અનુસૂચિત જાતિના ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃSCW/10/2013/783863/G
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૬/૮/૨૦૧૪

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૯/૧૦/૨૦૦૯ નો ઠરાવ ક્રમાંક અજાક-૧૦૨૦૦૦-ન.બા.૧૨/ગ

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતાનો તાઃ૧૫/૧૧/૨૦૧૩નો પત્ર ક્રમાંકઃ અજાક-ગ.૧/૧/ટ્યુ.સ/નબા/૨૦૧૩-૧૪- ૫૧૯૧-૯૨.

ઠ રા વઃ-

અનુસૂચિત જાતિના ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય આપવા વંચાણે લીધા (૧) ના ઠરાવથી ધોરણ ૧૦ માં પ્રથમ પ્રયત્ને ૭૫% કે તેથી વધુ ગુણ મેળવી ધોરણ ૧૧ વિજ્ઞાન પ્રવાહ માં પ્રવેશ મેળવનાર પ્રથમ ૨૫૦ વિધાર્થી ઓને ધોરણ ૧૧ મા પ્રથમ વર્ષે રૂ.૧૨૫૦૦/- તથા ધોરણ ૧૨માં ૧૨૫૦૦/- કૂલ મળી રૂ.૨૫૦૦૦/- ની સહાય આપવા ઠરાવેલ છે. હાલની મોઘવારી જોતા ટ્યુશન વર્ગો ચલાવતી સંસ્થાઓ તરફથી ફી મા થયેલો વધારો તેમજ પુસ્તકોના ભાવમાં પણ વધારો થયેલ છે. જેથી નિયામકશ્રી અનુસુચિત જાતિ કલ્યાણ ના વંચાણે લીધા ક્રમ (૨) ના પત્રથી ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને અપાતી ખાનગી ટ્યુશન માટે સહાયમાં વધારો કરવા માટે નવી બાબત નો વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. આ દરખાસ્તને મંજૂરી અપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આથી અનુસૂચિત જાતિના ધોરણ ૧૧ અને ૧૨માં વિજ્ઞાન પ્રવાહ માં અભ્યાસ કરતા વિધાર્થીઓને ખાનગી ટ્યુશન માટે સહાય આપવા બાબત રૂ.૧૩૭.૫૦લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવી છે

શરતો :-

(૧) ધોરણ ૧૦માં ૭૦% થી વધુ ગુણ મેળવનાર વિધાર્થી ધોરણ ૧૧,૧૨ ના વિજ્ઞાન પ્રવાહ મા પ્રવેશ મેળવેતો
ધોરણ ૧૧માં વાર્ષિક રૂ.૧૫૦૦૦/- અને ધોરણ ૧૨માં વાર્ષિક રૂ.૧૫૦૦૦/-એમ રૂ.૩૦૦૦૦/- સહાય ચૂકવવાની રહેશે.

(૨) વિધાર્થીના કુટુબની આવક મર્યાદાનુ ધોરણ વાર્ષિક રૂ.૧.૫૦ લાખનું રહેશે.

(૩) આ યોજનાનું અમલીકરણ સબંધીત જીલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીઓ દ્વારા ધોરણ ૧૦ ના પરીણામ પ્રસિધ્ધ થયા પછી બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનીક પેપર મા જાહેરાત આપી અરજીઓ મેળવી નિયમા અનુસાર સહાય ચુકવવાની રહેશે. આ સહાય મળવા પાત્ર શિષ્યવૃતી ઉપરાંત ની

રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૫) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભ પ્રર્વતમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખતના લાગુ પડતા ઠરાવો / પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે

(૮) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોમર્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનુ ખર્ચ માંગણી નં.૯૫- અનુસૂચિત જાતિ પેટા યોજના, મુખ્ય સદર- ૨૨૨૫-અનુ સૂચિત જાતિ, આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ ,પેટા મુખ્ય સદરઃ- ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર- ૨૭૭ શિક્ષણ, પેટા સદર- (૩૧) બીસીકે-૦૭ –ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહના વિધાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય બજેટ હેડ હેઠળ કરેલ જોગવાઇમાંથી ખર્ચ કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૨૩-૬-૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન જિ.સાબરકાંઠા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી(સા.ન્યા), સચિવાલય, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, જિ.સાબરકાંઠા
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત) જિલ્લા પંચાયત, જિ.સાબરકાંઠા
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ભાવનગર
બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર
કમ્પ્યુટર સેલ-શાખા, વિભાગની વેબસાઇટ પર મૂકવા વિનંતી સહ.
પસંદગી ફાઇલ.